# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## સંશોધન સમિતિની આઠમી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની આઠમી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશાનુસાર આ કમિટિની એક બેઠકનું આયોજન તા.૨૬/૦૪/૨૦૨૧નાં રોજ ૧૨:૦૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નીચેનાં સભ્યશ્રીઓની હાજરીમાં ઓનલાઈન માધ્યમથી આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો.ગોપબંધુ મિશ્ર,માન.કુલપતિશ્રી

(૨) ડો.દશરથ જાદવ, કુલસચિવશ્રી

(૩) પ્રિ.ડો.એન.એલ.પંડયા

(૪) પ્રો.એમ.એ.દવે

(૫) ડો.જાનકીશરણ આચાર્ય

(૬) ડો.આશાબેન માઢક

(૭) ડો.કાર્તિક પંડયા

બેઠકની શરૂઆતમાં સંશોધન અધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ અને ત્યારબાદ માન.કુલપતિશ્રીની સહમતી મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતા. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તુત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય કરવામાં આવેલા છે.

(૧) પીએચ.ડી.માર્ગદર્શક તરીકેની બે અધ્યાપકશ્રીની આવેલ અરજી અંગે નિર્ણય કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી. જેમાં અનુસ્નાતક વિભાગમાં વ્યાકરણ વિષયનાં આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.વિદુષિ બૌલ્લાની આવેલ અરજી અંગે સંશોધન અધિકારીશ્રીએ જણાવેલ કે હાલનાં પ્રર્વતમાન યુ.જી.સી.તથા યુનિવર્સિટીનાં નિયમાનુસાર તેઓએ કરેલ અરજી ચકાસતા તેમને પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકે માન્યતા આપી શકાય તેમ છે.

આ અંગે તેઓને તમામ સભ્યશ્રીઓ પાસેથી મંતવ્ય મેળવેલ હતું જેમાં પ્રો.એમ.એ.દવે દ્વારા જણાવવામાં આવેલ કે જો નિયમાનુસાર અરજી હોય તો તેઓને પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવી જોઈએ. આ અંગે કુલસચિવશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે જે આસી.પ્રોફેસર દ્વારા હાલમાં જ પોતે પીએચ.ડી.પૂર્ણ કરેલ હોય તેમને પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપી નિયમાનુસાર ૪ વિદ્યાર્થીઓ ફાળવી આપવા તે સંશોધન કાર્યની દ્રષ્ટિએ યોગ્ય જણાતું નથી કારણ કે જેમને પોતે જ હાલમાં પીએચ.ડી.પૂર્ણ કરેલ હોય તે ઐકી સાથે પોતાનાં અન્ય શૈક્ષણિક કાર્યોની સાથે સાથે ૪ (ચાર) વિદ્યાર્થીઓને સંશોધન કાર્ય કરાવી શકે કે કેમ ? આ અંગે તમામ સભ્યશ્રીઓએ વિસ્તુત ચર્ચા વિચારણા કરી જેમાં માર્ગદર્શક બનવા માટે અનુભવ રાખવો જોઈએ કે કેમ ? યુનિવર્સિટીએ પોતાનાં નિયમો બનાવવા જોઈએ કે કેમ ? સંશોધન અધિકારીરશ્રીએ જણાવેલ કે યુ.જી.સી.માર્ગદર્શક બનવા માટે બે લેખ માંગે છે તેમની જગ્યાએ યુનિવર્સિટીએ પાંચ લેખ માટેનો નિયમ બનાવેલ છે.

ઉપરોકત તમામ ચર્ચા વિચારણા અને કુલસચિવશ્રીએ કરેલ સુચનને ધ્યાને લઈ માન.કુલપતિશ્રીએ જણાવેલ કે યુ.જી.સી.ના નિયમો/જે.આર.એફ.કરી આવતા વિદ્યાર્થીઓ,યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરી આવતા વિદ્યાર્થીઓ તેમજ જે માર્ગદર્શક બનાવા માંગે છે તેઓની ક્ષમતા વગેરે બાબતોની ચર્ચા વિચારણા કરી અંતિમ નિર્ણય કરવામાં આવેલ કે અત્રેની યુનિવર્સિટીમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકે જેઓને માન્યતા લેવાની થાય છે

અને તેઓએ પોતે જ પીએચ.ડી.અરજી કર્યાનાં છ માસનાં સમયગાળામાં પૂર્ણ કરેલ છે અને તેઓ આસી.પ્રોફેસર તરીકે જોડાયાનાં હજુ એક કે બે વર્ષ થયા છે તેવા આસી.પ્રોફેસરને પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની નિયમાનુસારની તેઓની અરજી હોય તો માન્યતા આપવી પરંતુ તેઓને શરૂઆતનાં તબકકામાં ફકત બે (૨) વિદ્યાર્થીઓ ફાળવવા. આ બે વિદ્યાર્થીઓમાંથી ત્રણ વર્ષનાં સમયગાળામાં એક વિદ્યાર્થીનું સંશોધન કાર્ય સમયમર્યાદામાં પૂર્ણ થાય અને તેમને પીએચ.ડી.ની પદવી આપવામાં આવે ત્યારબાદ જ જે તે માર્ગદર્શકશ્રીને યુ.જી.સી.નાં નિયમાનુસાર અપેક્ષા મુજબ વધુમાં વધુ ચાર(૪) વિદ્યાર્થીઓ ફાળવવા. આ અંગે તમામ સભ્યશ્રીઓએ સહમતી દર્શાવેલ હતી અને આ નિર્ણય હવે પછીથી જે નવા માર્ગદર્શક અરજી કરશે તેમને લાગું પડશે. પરંતુ જો કોઈ નવા જોડાયેલા એસો.પ્રોફેસર કે પ્રોફેસર અત્રેની યુનિવર્સિટીમાં જોડાય અને તેઓને પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાની થાય તો તેઓ માટે આ નિયમ લાગુ પડશે નહીં.

ઉપરોકત ચર્ચા બાદ બીજી આવેલ અરજી અંગે ચર્ચા કરવામાં આવી જેમાં શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયનાં અધ્યાપકશ્રી ડો.મનુવત્સલદાસ સ્વામીની આવેલ છે. આ અંગે ચર્ચા કરતા સંશોધન અધિકારીશ્રીનો કુલસચિવશ્રીએ સ્પષ્ટ મત જાણતા સંશોધન અધિકારીશ્રીએ જણાવેલ કે યુ.જી.સી.નાં અને યુનિવર્સિટીનાં નિયમાનુસાર અરજદાર ડો.મુનીવત્સલદાસ સ્વામીની આવેલ અરજી ચકાસતા તેઓ માર્ગદર્શક તરીકેનાં જે નિયમો છે તેમાં બંધ બેસતા ન હોય તેઓને માન્યતા આપી શકાય તેમ નથી. આ અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે ડો.મુનીવત્સલદાસ સ્વામીને પીએચ.ડી.માર્ગદર્શક તરીકેની માન્યતા આપી શકાય તેમ નથી.

(૨) જે વિદ્યાર્થી પીએચ.ડી.પૂર્ણ કરે છે તે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી નોટીફિકેશન આપવામાં આવે છે તેઓને નોટીફિકેશન સાથે તેઓનું પીએચ.ડી. યુ.જી.સી.પ્રમાણપત્ર–૨૦૦૯–૨૦૧૬–૨૦૧૮ મુજબનું છે તે અંગેનું પ્રમાણપત્ર પણ સાથે આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને આ અંગે સર્વાનુમતે નિર્ણય કરી વિદ્યાર્થીને આ પ્રમાણપત્ર નોટીફિકેશન સાથે જ આપવું તેમ નકકી કરવામાં આવ્યું.

(૩) પીએચ.ડી.અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓને પીએચ.ડી.માં રજીસ્ટ્રેશન કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે તેમની સાથે તેઓને ત્રણ વર્ષ માટેનું આઈ.કાર્ડ તથા બોનાફાઈટ પ્રમાણપત્ર આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં વિદ્યાર્થીને એક વર્ષ માટેનું આઈ.કાર્ડ આપવું તેમ નકકી કરવામાં આવ્યું અને જયારે વિદ્યાર્થી છ માસિક રિપોર્ટ માટે યુનિવર્સિટી રૂબરૂ આવે ત્યારે તેમનાં છ માસિક રિપોર્ટને ધ્યાને લઈ તેમનું આઈ.કાર્ડ ફરી એક વર્ષ માટે રીન્યુ કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

તેમજ બોનાફાઈડ પ્રમાણપત્ર અંગે ચર્ચા કરતા જે વિદ્યાર્થીને બોનાફાઈડ પ્રમાણપત્રની જરૂર હોય તે વિદ્યાર્થી તેમનાં કારણ સાથે યુનિવર્સિટીને અરજી કરે તેમને આ પ્રમાણપત્ર આપવું તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

(૪) જે વિદ્યાર્થીઓને પીએચ.ડી.માં પ્રવેશ મેળવ્યાને છ વર્ષની સમયાવધી પૂર્ણ થયેલ છે પરંતુ તેઓએ સેમેસ્ટર ફી જમા કરાવેલ નથી અને સંશોધન કાર્ય કરેલ નથી તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં આ અંગે માન.કુલપતિશ્રીએ જણાવેલ કે હવે દર છ મહિને રિપોર્ટ કરવામાં આવનાર હોય આ પ્રશ્ન ભવિષ્યમાં આવશે નહીં આમ છતા જો કોઈ વિદ્યાર્થીને છ વર્ષ પૂર્ણ થતા હોય તો તેમનાં માર્ગદર્શકશ્રીનો આ અંગે ખાસ અભિપ્રાય મેળવી તેમનો પ્રવેશ રદ કરવો જોઈએ. આ અંગે માન.કુલપતિશ્રીની વાત સાથે સૌ મહાનુભાવો સહમત થયાં તથા આ નિર્ણય કરવામાં આવ્યો.

(૬) ડીનશ્રીઓ પાસેથી મંગાવેલ એમ.ફિલ.પીએચ.ડી.નાં રેફરીશ્રીઓની યાદી સર્વાનુમતે મંજૂર કરવામાં આવી તેમજ આ યાદી દર વર્ષે અપડેટ કરવી તેમ નક્કી કરવામાં આવ્યું.

(૭) ડૉ.નરેન્દ્રકુમાર પંડયાની આવેલ અરજી અંગે માન.કુલપતિશ્રીએ જણાવેલ કે જે માર્ગદર્શકશ્રીને જે વિષયમાં પીએચ.ડી. કરવાની માન્યતા આપવામાં આવી છે તે માર્ગદર્શકશ્રીને તે જ વિષયનાં વિદ્યાર્થીઓ ફાળવવા જોઈએ. આ અંગે સૌ સભ્યો આ વાત સાથે સહમતી દર્શાવતા જણાવેલ કે યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ વિષયોમાં જે માર્ગદર્શકશ્રીને જે વિષયની માન્યતા આપવામાં આવી છે તે વિષયમાં જ તેઓ પીએચ.ડી.કરાવી શકશે. અન્ય વિષયમાં નહી આમ આ બાબત અંગે આ પ્રકારનો નિર્ણય કરવામાં આવ્યો.

ઉપરોકત બેઠકમાં લેવાયેલ નિર્ણય અને કરવામાં આવેલ ભલામણને આગામી એ.સી./ઈ.સી.ની બેઠકમાં બહાલી અર્થે રજૂ કરી લેવાયેલ નિર્ણયને અમલમાં મુકવા તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

Shree Somnath Sanskrit University
VERAVAL

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ